## ડાયરેક્ટ ❤ સે

કોને-કોને આપું
મારા શિક્ષણ માટે
અભિનંદન!
વિચારીને જોયું તો
દરેક વ્યક્તિ
મારી ઉસ્તાદ નીકળી!

## જન્મદિને વધામણી



**અરૂણાબેન ગજ્જર**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ કારોબારી સભ્ય, જ્યોતિ મહિલા મંડળ, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪



**જયંતકુમાર ભટ્ટ**
પ્રમુખ, ગાંધીનગર શહેરીજન સંસ્થા અને નિવૃત્ત અધિકારી મંડળ, સે. ૭ડી સ્થાપક, ટ્રસ્ટી અને કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ



**કમલેશ ગાંધી**
મો. ૮૩૪૭૦ ૦૫૦૧૩



**હફસા ફારૂક બ્લોચ**
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯



**વેદ મિલનકુમાર પટેલ**
મો. ૯૪૨૭૦ ૮૯૫૨૦



**વૈભવ ભગવાનસિંહ પરમાર**
મો. ૯૮૨૪૬ ૮૧૪૦૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# અડાલજની અરિહંત કૉલેજ ખાતે આજે રાષ્ટ્રકક્ષાનો સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૮

અરીહંત કોલેજ, અડાલજ ખાતે સ્વણીમ સ્ટાર્ટ-અપ યુનીવર્સીટી, ABVPના સયુંકત ઉપક્રમે રાષ્ટ્રકક્ષાનો સેમીનાર તારીખ ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે યોજાઈ રહ્યો છે. આ નેશનલ સેમીનારનું ઉદઘાટન ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે થઈ રહ્યું છે. ગુજરાત સરકારના ઉદ્યોગ મંત્રી માનનીય રોહિતભાઈ પટેલ સેમિનારના અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ABVPના નેશનલ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી સુનીલ અંબેકર અને સેમીનારના પ્રેસિડેન્ટ તરીકે સ્ટાર્ટ-અપ યુનીવર્સીટીના રીષભ જૈન, એમ્ક્યોર ફાર્માસ્યુટીકલ કંપનીના સતીશભાઈ શાહ અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેશે.

૧૦મી સપ્ટેમ્બરે સમાપન સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે કેન્દ્ર સરકારના રાજ્ય કક્ષાના મંત્રી મનસુખભાઈ માંડવીયા (રોડ અને ટ્રાન્સપોર્ટ મંત્રી) અને અતિથી વિશેષ તરીકે G.T.U.ના વાઈસ ચાન્સેલર પ્રોફેસર નવીનભાઈ શેઠ અને CATCHET pharma.ના એચ. કે. સિંગ ઉપસ્થિત રહેશે.

આ સેમિનારમાં સમગ્ર ભારતમાંથી ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, ૨૦૦થી વધુ ફાર્મસીના અધ્યાપકો અને વિભિન્ન ક્ષેત્રે, pharmacutical ક્ષેત્રના ઉદ્યોગપતીઓ અને સ્ટાર્ટ-અપના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. આ સેમિનારમાં QUIZ COMPITITION, MODEL PRESENTATION, ORAL PRESENTATION જેવી સાઈનટીફીક ઈવેન્ટ અને DARE TO SELL, PHARMA R E C E I P E, INCREPHARM જેવી ઈવેન્ટ યોજાશે. આ સેમીનાર ગાંધીનગર–અમદાવાદની વચ્ચે યોજાતો હોઈ તે ખૂબ જ મહત્વપૂર્ણ બની રહ્યો છે. તેનાથી ફાર્મસીના ભવિષ્ય અંગે અને સામાન્ય લોકોને ફાર્મા અને મૅડિસીનનો લાભ મળી રહેશે. સ્વણીમ સ્ટાર્ટ-અપ યુનીવર્સીટીના સહયોગથી આયોજિત આ સેમીનારથી નવા ઉદ્યોગોની સ્થાપના અને ENTERPRENUER બનાવવા માટેની પણ તકો મળી રહેશે.

# ગાંધી મિત્ર વર્તુળના ઉપક્રમે શાળા-કૉલેજ માટે ગાંધી જીવનદર્શન વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરના ઉપક્રમે ગાંધીનગરની ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે તથા નગરની કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી જીવનદર્શન વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થાના મંત્રી સોમાભાઈ પરમારે જણાવ્યું છે કે આગામી તારીખ બીજી ઑક્ટોબરના રોજ સરદાર પટેલ વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછા ૩૦૦ શબ્દોમાં નિબંધલેખન કરવાનું રહેશે, જેમના માટે વિષય છે : (૧) મોહનદાસ ગાંધીથી મહાત્મા ગાંધી સુધી, (૨) ગાંધીજીના જીવનમાં વણાયેલા ૧૧ વ્રતો. સ્પર્ધકે આ બે પૈકી કોઈપણ એક વિષય પર નિબંધ લખવાનો રહેશે.

કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછઆ ૩૫૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે. આ વિદ્યાર્થીઓ માટે વિષય છે : (૧) વિશ્વશાંતિ એક જ માર્ગ - ગાંધી જીવનદર્શન, (૨) ગાંધીજી આજે પણ પ્રસ્તુત છે. સ્પર્ધકે આ બે પૈકી કોઈપણ એક વિષય પર નિબંધ લખવાનો રહેશે.

બંને વિભાગમાં પ્રથમ આવનાર સ્પર્ધકને રૂા. ૫૦૦, દ્વિતિયને રૂા. ૩૦૦ અને તૃતિય વિજેતાને રૂા. ૨૦૦નો રોકડ પુરસ્કાર અને અભિવાદનપત્ર આપવામાં આવશે.

નગરની ઉચ્ચતર માધ્યમિક શાળા, કૉલેજે પોતાની સંસ્થાના લેટરપેડ ઉપર આચાર્યના માધ્યમથી ભાગ લેવા માગતા વિદ્યાર્થીઓનાં નામ, સરનામાં અને ટૅલિફોન નંબર સંસ્થાને મોડામાં મોડા ૨૦ સપ્ટેમ્બર સુધી મોકલી આપવાનાં રહેશે. નામ મોકલવા માટેનું સરનામું : ભાનુપ્રસાદ પુરાણી, પ્લૉટ નં. ૧૦૩/૨, સૅક્ટર-૨ એ, ગાંધીનગર. આ અંગેની વધુ માહિતી માટે ફોન નં. ૨૩૨૨૫૦૨૬ અથવા મોબાઈલ નંબર ૯૯૦૪૨ ૫૬૧૧૪ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક કરી શકાય છે એમ તેમણે આ યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# પરબતપુરા પ્રા. આ. કેન્દ્ર ખાતે તંદુરસ્ત બાળ હરિફાઈ યોજાઈ



પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પરબતપુરા ગામે પોષણ સપ્તાહ ઉજવણી અંતર્ગત તંદુરસ્ત બાળ હરીફાઈ યોજવામા આવેલ હતી, જેમાં બાળકોનાં ઉંચાઈ પ્રમાણે વજન, સમયસર રસીકરણ, પોષણયુકત આહાર, સરકારી સંસ્થાકીય પ્રસૂતી, કુટુંબ કલ્યાણ યોજના અને સરકાર તરફથી મળતી યોજનાઓ અંગેની માહિતી પ્રા. આ. કેન્દ્રના આયુષ મેડિકલ ઓફીસર ડો. વિપુલ ચાવડા, તાલુકા આઈ.ઈ.સી.ઓફીસર ભાનુભાઈ અને ફી.હે.વ. કપિલાબેન પટેલ દ્વારા આપવામા આવેલ હતી. આ કાર્યક્રમમાં આવેલાં બાળકોની તપાસ કરી બાળકોની માતાઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા.આ કાર્યક્રમમાં આશા બહેનો, આશા ફેસીલેટર અને આંગણવાડી કાર્યકર બહેનોએ પણ ભાગ લીધો હતો.

# એમ પી શાહ મહિલા આટ્ર્સ કૉલેજે શિક્ષક દિવસની ઉત્સાહી ઉજવણી કરી



એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત મણિબેન એમ પી શાહ મહિલા આટ્ર્સ કૉલેજ, કડી ખાતે શિક્ષક દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ૩૩ વિદ્યાર્થીનીઓએ એક દિવસની શૈક્ષણિક કામગીરી સંભાળી લીધી હતી. પ્રિન્સિપાલ તરીકે અંજલી દરજી અને વાઈસ પ્રિન્સિપાલ તરીકે કાજલ પાંડોરે ફરજ અદા કરી હતી. પ્રિન્સિપાલ ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શનના હેઠળ સમગ્ર કાર્યક્રમ સંયોજક ડૉ. વંદનાબેન એસ ઠક્કર દ્વારા યોજિત કરવામાં આવ્યો હતો.

## ખેલ મહાકુંભમાં આદર્શ નિવાસી શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૮

ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં આદર્શ નિવાસી શાળા (અજા, કુમાર)ના વિદ્યાર્થી અમિત અમરસીભાઈ સેનવાએ યોગાસનમાં પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું છે.

આ જ શાળાના વિદ્યાર્થી જયેશ દિનેશભાઈ સેનવા અને ચિરાગ પ્રવીણભાઈ પરમારે બરછીફેંકમાં જિલ્લાકક્ષાએ અનુક્રમે પ્રથમ અને દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો છે.

શાળાના પીટી શિક્ષક ઍસ કે પરમાર, જી ઍમ માવી અને આચાર્ય આર પી જોષીએ તમામ વિદ્યાર્થીઓને આ વિજય બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભમાં લીંબોદરા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૮

ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધા અમરભારતી ખાતે યોજવામાં આવી હતી

આ સ્પર્ધામાં શ્રી લીંબોદરા સેવા સમાજ, અમદાવાદ સંચાલિત શ્રી પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના વિદ્યાર્થીઓએ સુંદર દેખાવ કર્યો હતો. ધાર્મિક ગોસ્વામી પ્રથમ, રૂપલ વાઘેલા દ્વિતિય, સૌરભ રાણા, હર્ષ વાઘેલા, વિશાલ રબારી, મુકેશ ઠાકોર, ધૃમિલ પારેખ, મિતેષ ગોસ્વામી, રેણુકા વાઘેલા, બીજલ ઠાકોર, અર્પિતા વાઘેલા અને મનીષા મહેરિયાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે આ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. આચાર્ય તેજસિંહ પરમારે સૌ વિજેતા વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભમાં
# એમ બી પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ વિજેતા રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા



જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભમાં ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લઈ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. અન્ડર-૧૭ લોન ટેનિસમાં હંસલ શાહ પ્રથમ અને કિર્તન પટેલ દ્વિતિય, ઓપન ગૃપમાં પીનલ દવે દ્વિતિય, અન્ડર-૧૭ બેડમિન્ટન સ્પર્ધામાં નાઝ અંસારી પ્રથમ, અન્ડર-૧૭ બોયઝ સ્કેટિંગની સ્પર્ધામાં ૩૦૦ મીટર વિભાગમાં કુંજ પટેલ પ્રથમ ક્રમે અને ૧ હજાર મીટર વિભાગમાં ત્રીજા ક્રમે તેમજ ટે-ક્વોન-ડોમાં મેશ્વી રાવલ જિલ્લાકક્ષાએ વિજેતા બન્યાં હતાં. આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને બ રિદાવી અભિનંદન પાઠવ્યા હતા. વ્યાયામ શિક્ષક નદીમ મેમણ તરફથી તમામ વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાએ કબડ્ડીમાં એસ. જી. સ્કૂલના વિદ્યાર્થીઓની પસંદગી



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ચૌધરી મનદીપ,ચૌધરી તક્ષીલ, વાઘેલા જયવીર, ડાભી રુદ્રરાજ, જાડેજા દિવ્યરાજ, પટેલ અદિતી, ચાવડા ઈશા ,પટેલ હેન્શીએ ખેલ મહાકુંભ અંતર્ગત કબડ્ડીની સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પસંદગી પામી શાળાનું ગૌરવ વધાર્યું છે.

# ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનો દબદબો

ગાંધીનગર, તા. ૮

શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સૅકટર-૨૫નાં છાત્રોએ ખેલ મહાકુંભમાં ઝોન અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ વિજેતાપદ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

જિલ્લાકક્ષાએ અન્ડર-૧૪ વિભાગમાં મન જૈને દ્વિતિય સ્થાન સાથે રૂપિયા બે હજારનું અને ભદ્ર પંચાલે તૃતિય સ્થાન સાથે એક હજારનું ઈનામ પ્રાપ્ત કર્યું છે. ઝોન કક્ષાની ઍથ્લેટિક્સમાં રાજવીરસિંહ ઠાકોર પ્રથમ સ્થાને, વિશાખા શર્મા ત્રીજા સ્થાને, સ્કેટિંગમાં મુસ્કાન અઝીઝ શેખ બીજા સ્થાને, અન્ડર-૧૭ વિભાગમાં ધવલ ઠાકોર ત્રીજા સ્થાને વિજેતા બન્યા છે.

ઉપરાંત જિલ્લા કક્ષાએ અન્ડર-૧૭ કબડ્ડીમાં તેજસ રાઠવા, ધ્રૂવ પટેલ, બરછી ફેંકમાં તેજસ રાઠવા પ્રથમ, રાજ ચારેલ બીજા સ્થાને, ગોળાફેંકમાં ગુંજન ભુરિયા પ્રથમ સ્થાને વિજેતા બન્યા છે.

તમામ વિજેતાઓને વ્યાયામ શિક્ષક સુરેન્દ્રસિંહ અને કિરણસિંહે ખાસ તાલીમ આપી હતી. આચાર્ય સંગીતાબેન અને નિર્મલબેન, મેનેજિંગ ટ્રસ્ટી બાબુભાઈ અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ડી બી પટેલે સૌ વિજેતા વિદ્યાર્થીઓને શાળા, ટ્રસ્ટી પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# વિશ્વકર્મા કૉલેજ ખાતે ઍનઆઈસી યોજાયો

ગાંધીનગર, તા. ૮

રાષ્ટ્રીય સંકલન (ઍનઆઈસી) વિશ્વકર્મા ગવર્મેન્ટ ઍન્જિનીયરિંગ કૉલેજ, જીટીયુ દ્વારા યોજવામાં આવ્યો હતો. ભારતમાં પ્રથમ વાર ઍન્જિનીયરિંગ કરતા વિદ્યાર્થીઓ માટે ઍનઆઈસી કૅમ્પ યોજવામાં આવ્યો હતો. આ કૅમ્પમાં ઍલડીઆરપી-આઈટીઆર કૉલેજના દસ વિદ્યાર્થીઓ અને ઍનઍસઍસના પીઓએ ભાગ લીધો હતો.

આ કૅમ્પમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જયદ્રથસિંહ પરમાર, ડૉ. કમલકુમાર કર, ડૉ. આર કે ગજ્જર, ડૉ. પારૂલ પટેલ, ડૉ. આર ઍસ ઠક્કર, સી ઍન સંઘવી, ફ્લાઈંગ લેફ. અભિષેક કુમાર સિંઘ, રૂઝાન ખંભાતા, રવિન વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કૅમ્પ અંતર્ગત વક્તૃત્વ, પોસ્ટર ડિઝાઈનીંગ, નિબંધ લેખન, નાટક જેવા ઉપક્રમો પણ યોજવામાં આવ્યા હતા. કૅમ્પમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતપોતાના રાજ્યની સંસ્કૃતિ પણ પ્રસ્તુત કરવામાં આવી હતી.

ઍલડીઆરપી-આઈટીઆર તરફથી આ રાષ્ટ્રીય સંકલન શિબિરમાં નિયતી સલોટ, રિક્ષિ જાની, દૃષ્ટિ ગોહિલ, યાલીમ મઝગાંવકર, માનલ સોલંકી, હિરેન પરમાર, આદિત્ય ચૌધરી, દક્ષ શાહ, દેવર્ષિ બ્રહ્મભટ્ટ, રવિરાજ બારોટે લેફ. નૌરિન વેપનાના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો.




(૧) ૨૦૧૭માં કેરેબિયન દ્વિપ સમૂહ પાસે કયો ખતરનાક ચક્રવાત તાજેતરમાં ટકરાયો હતો?
(એ) વિલી
(બી) નીલમ
(સી) ઈરમા
(ડી) ટાઈગર

(૨) ૨૦૧૭માં કઈ કંપનીએ પિતા બનનાર પુરુષ કર્મચારીઓને બે માસની પિતૃત્ત્વ રજા આપવાની જાહેરાત કરી છે?
(એ) ઈન્ફોસિસ (બી) જોન્સન ઍન્ડ જોન્સન (ઈન્ડિયા)
(સી) ટીસીઍસ (ડી) અશોક લેલેન્ડ

(૩) ૨૦૧૭માં કઈ ભારતીય અભિનેત્રી ઓસ્ટ્રેલિયા પ્રવાસનની પ્રથમ ભારતીય મહિલા ઍમ્બેસેડર બની છે?
(એ) પરિણિતી ચોપ્રા (બી) પ્રિયંકા ચોપ્રા
(સી) ક્રિતી સેનન (ડી) દિપીકા પદુકોણ

(૪) ૨૦૧૭માં ભારત અને બીજા કયા દેશના સંયુક્ત ઉપક્રમે બનેલી ફિલ્મ 'દૂબ' ૨૭ ઑક્ટોબરે રિલીઝ કરવામાં આવશે?
(એ) શ્રીલંકા (બી) ઑસ્ટ્રેલિયા
(સી) બાંગ્લાદેશ (ડી) પાકિસ્તાન

(૫) ૨૦૧૯માં કયો દેશ કોમનવેલ્થ વેઈટલિફટીંગ ચેમ્પિયનશીપની યજમાની કરશે?
(એ) ભારત (બી) મ્યાનમાર
(સી) નેપાળ (ડી) ક્યૂબા

(૬) ૨૦૧૭માં કેન્દ્રીય ઊર્જા મંત્રાલય દ્વારા સંચાલિત ભારતની ઉજાલા યોજનાને મલેશિયાના કયા પ્રાંતમાં લાગુ કરવામાં આવી છે?
(એ) કેમરોક (બી) મનીકા
(સી) મેલાકા (ડી) મુનીશો

(૭) ૨૦૧૭માં પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના નવા અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી છે?
(એ) વિવિક દેબરોય (બી) વિવેક કપૂર
(સી) વિવેક ગોયન્કા (ડી) વિવેક શર્મા

(૮) ૨૦૧૭માં ભારત-મ્યાનમાર વચ્ચે કેટલા સમજૂતી કરારો કરવામાં આવ્યા છે?
(એ) ૧૦ (બી) ૧૧
(સી) ૧૨ (ડી) ૧૩

(૯) ૨૦૧૭માં મુંબઈની વિશેષ ટાડા કૉર્ટે ૧૯૯૩ મુંબઈ બ્લાસ્ટના કયા આરોપીને ઉમર કેદની સજા ફટકારી છે?
(એ) અબુ સાલેમ (બી) તાહિર શેખ
(સી) ફિરોઝ શેખ (ડી) અબ્દુલ સાલેમ

(૧૦) ૨૦૧૭માં વિશ્વના કયા દેશના વૈજ્ઞાનિકોએ આકાશગંગાના કેન્દ્ર પાસે વિશાળ બ્લૅકહોલની શોધ કરી છે?
(એ) નેપાળ (બી) ચીન
(સી) રશિયા (ડી) જાપાન